**Enrollment No: ______________________     Exam Seat No:______________________**

# C. U. SHAH UNIVERSITY

## Summer Examination-2020

**Subject Name : Accounting & Finance - I**

**Subject Code : 4CO01AFI2     Branch : B.Com (Gujarati)**

**Semester : 1     Date : 12/03/2020     Time : 02:30 To 05:30     Marks : 70**

Instructions:

(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** ____ એ કંપની ના મૂડીમાળખા ના કરોળરજ્જુ સમાન છે. (1)

(A) ઇક્વિટિ શેર (B) ડિબેન્ચર (C) બેંન્ક લોન (D) ડિવિડન્ડ

**b)** કઈ પધ્ધતિમાં છેલે ખરીદેલ માલ સ્ટોક માં હશે?

(A) ભારિત સરેરાશ (B) નિશ્રિત ભાવ (C) લીફો (D) ફિફો

**c)** જૂના કાટમાળની ઉપજ પુનઃ સ્થાપનાના હિસાબોમાં ____ ખાતે જમા લેવાય છે?

(A) મૂડી (B) મહેસૂલી (C) રોકડ (D) પુનઃ સ્થાપના

**d)** દર વર્ષને અંતે ચૂકવેલ વ્યાજ અને ઘસરની રકમ ____ ખાતે લઈ જવામાં આવે છે.

(A) મિલકત (B) નફા નુકસાન (C) ખરીદનાર (D) વેચનાર

**e)** કઈ હિસાબી પધ્ધતિએ રાખવામાં આવેલ હિસાબો ધંધાકીય પ્રવૃતિ નો સાચો નફો નુકસાન પ્રગટ કરે છે?

(A) રોકડ (B) વ્યાપારી (C) દેશીનામા (D) ઉપજ ખર્ચ

**f)** નાની રકમ પણ બહુ મોટા પ્રમાણમાં એકઠી કરવાનું મહત્વ નું પ્રાપ્તિ સ્થાન કયું છે?

(A) વ્યાપારી લેણદાર (B) જાહેર થાપણ

(C) કેશ ક્રેડિટ (D) ઓવર ડ્રાફ્ટ

**g)** કઈ પધ્ધતિમાં આખર સ્ટોક ની કીમત ચાલુ બજાર ભાવની કિમત નજીક હોય છે?

(A) ભારિત સરેરાશ (B) નિશ્રિત ભાવ (C) લીફો (D) ફિફો

**h)** જૂના કાટમાળનો ઉપયોગ નવા બાંધકામ માં કરવામાં આવ્યો હોટ તો તે;

(A) મહેસૂલી આવક ગણાય (B) મૂડી આવક ગણાય

(C) વૈકલ્પિક આવક ગણાય (D) આકસ્મિક આવક ગણાય

**i)** ભાડે ખરીદ કરાર માં સામાન્ય રીતે નીચેના માંથી કઈ વિગતનો સમાવેશ થતો નથી?

(A) વ્યાજનો દર (B) હાફતાની રકમ

(C) ઘસારાની પધ્ધતિ (D) હાફતાની સંખ્યા

**j)** મુકદમાઓ તૈયાર કરી આપનાર કોની વચ્ચે સાંકળ રૂપ છે?

(A) કોર્ટ અને વકીલ (B) અસીલ અને તેના વકીલ

(C) વકીલ અને તેના અસોશિએશન (D) વકીલ અને લેણદાર

**k)** LIFO નું પૂરું નામ જણાવો.

(A) Link in First Out (B) Link in Fix Out

(C) Last in Fix Out (D) Last In First Out

**l)** મિલકતની ક્ષમતા માં કાયમી ધોરણે વધારો કરતાં ખર્ચ એટલે____ ખર્ચ.

(A) પ્રસારિત મહેસૂલી (B) મહેસૂલી

(C) પુનઃ સ્થાપના (D) મૂડી

**m)** માલ મિલકત ની કરાર કિમત ની કરાર કિમત માંથી રોકડ કિમત બાદ કરતાં તફાવત ની રકમને _____ કહે છે.

(A) મૂડી રકમ (B) વેચાણ કિમત (C) વ્યાજ (D) હફતો

**n)** સોલિસિટર, વકીલ, ડોક્ટર, ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ નામા પધ્ધતિની પરિભાષામાં

____

(A) વ્યવયસાયી વ્યક્તિ (B) વેપારી પેઢી

(C) કંપની (D) નાગરિકો

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2** **Attempt all questions** **(14)**

**A** હફતા પધ્ધતિ અને ભાડા ખરીદ પધ્ધતિ વચ્ચે નો તફાવત જણાવો. **07**

**B** ઈન્વેન્ટરી નો અર્થ જણાવી ઈન્વેન્ટરી ના મૂલ્યાંકન ના હેતુઓ જણાવો. **07**

**Q-3**

એસ. સુંદર નામના સોલિસિટર પોતાના હિસાબો રોકડના ધોરણે રાખે છે. તેઓ પોતાના ચોપડમાંથી તા. 31 મી માર્ચ, 2016 ના રોજ નીચેના આંકડાઓ તમારી સમક્ષ રજૂ કરે છે: **14**

| | |
|---|---|
| મૂડી | 7500 |
| નહિ મળેલ ફી અંગેનું અનામત (1-4-2015) | 6500 |
| ઓફિસ ભાડું | 2500 |
| ઓફિસ પગાર | 8000 |
| ઉપાડ | 3000 |
| બાકી કામ અંગે અસીલો પાસેથી અગાઉ મળેલ રકમ | 5000 |
| પરચુરણ લેણદારો | 900 |
| પરચુરણ ઓફિસ ખર્ચા | 4900 |
| ફર્નિચર અને લાઇબ્રેરી | 6500 |
| ફીના રજૂ કરેલા બિલ અંગે અસીલો પાસે બાકી લેણા | 8200 |
| અસીલો અંગેના ખર્ચા | 3870 |
| બેન્ક સિલક (અસીલો ની) | 5000 |
| બેન્ક સિલક (ઓફિસ ની) | 8700 |
| ફી | 30770 |

નીચે આપેલ માહિતી દયાન માં લઈને તમારે તા. ૩૧ મી માર્ચ , ૨૦૧૬ ના રોજ પૂરા થતાં વર્ષ નું નફા નુકસાન ખાતું તથા તે જ તારીખ નું પાકું સરવૈયું તૈયાર કરવાનું છે.

(૧) અધૂરા કામ અંગે બનાવેલ અને અસીલો ને મોકલેલ બિલ ની રકમ રૂ ૨૫૦૦ છે.

(૨) અસીલો વતી ખરચેલ રૂ ૨૦૦ પરચુરણ ઓફિસ ખર્ચ ખાતે ઉધારવામાં આવ્યા હતા.

(૩) ફર્નિચર અને લાઇબ્રેરી પર ૧૦ % લેખે ઘસારો ગણો.

**Q-4** **Attempt all questions** **(14)**

**A** મહેશે જયેશ પાસેથી એક યંત્ર તા. 1-4-2008 ના રોજ ખરીધયુ. વિગતો નીચે પ્રમાણે હતી: **07**

(1) યંત્રની રોકડ કિમત રૂ. 22000

(2) ખરીદી તારીખે ચૂકવેલ રકમ રૂ. 7000

(3) હફતાઓ નીચે પ્રમાણે ચુકવ્યા :

પ્રથમ હફતો રૂ. 6500 તા. 31-3-2009 ના રોજ

બીજો હફતો રૂ. 6000 તા. 31-3-2010 ના રોજ

ત્રીજો અને છેલ્લો હફતો રૂ. 5500 તા. 31-3-2011 ના રોજ

(4) ચૂકવવાની બાકી રહેતી રોકડ રકમ પર જયેશે વાર્ષિક 10% લેખે વ્યાજ વસૂલ કર્યું છે.

(5) મહેશે ઘટતી જતી બાકીની રીતે વાર્ષિક 10%ના દરે ઘસારો ગણ્યો છે.

(6) બંને પક્ષકારો ના હિસાબી વર્ષ તા. 31 મી માર્ચના રોજ પૂરા થાય છે.

ઉપરની વિગતો પરથી તૈયાર કરો:

(અ) જયેશના ચોપડા માં ભાડે ખરીદ પધ્ધતિ મુજબ દરેક વર્ષની આમ નોંધ લખો.

**B** ધ કલકતા ગેસ કંપની લિમિટેડે પોતાના કારખાનાનો અમુક ભાગ ફરી બાંધવા અંગે રૂ. 8 ,00,000 નો ખર્ચ કાર્યો. આ રીતે જૂનો ભાગ કાઢી નાખ્યો તેની મૂળ કિમત રૂ. 5,00,000 હતી. પરંતુ જો અત્યારે તે બાંધવામાં આવે તો તેની પડતર 20% વધુ આવે. જૂના માલસામાન ના વેચાણ માંથી રૂ. 60,000 ઉપજ્યા અને રૂ. 30,000 ની કિમતનો જૂનો માલસામાન નાવા બાંધકામ માં વાપર્યો હતો. **07**

કંપની ના ચોપડે ઉપરના વ્યવહારો નોંધવા જરૂરી આમ નોંધ આપો અને કેટલી રકમ મૂડી ખર્ચ તરીકે તેમ જ કેટલી રકમ મહેસૂલી ખર્ચ તરીકે ઉધારવી તે જણાવો.

**Q-5**

એક ફેક્ટરી ના જુલાઇ , 2016 ના એક મહિના ને લગતી અમુક પ્રકાર ના માલ ની આવક – જાવક અંગે ની નીચેની માહિતી આપવમાં આવી છે : **14**

જુલાઇ 1 શરૂઆત ની બાકી 100 ટન , ટનદીઠ રૂ 10 લેખે.

જુલાઇ 3 ઉત્પાદન માટે મોકલેલ 60 ટન

જુલાઈ 7 ખરીદી 120 ટન,ટનદીઠ રૂ. 10.10 લેખે

જુલાઇ 15 ઉત્પાદન માટે મોકલેલ 50 ટન

(સ્ટોક ની ગણતરી કરતાં 2 ટન ની ઘટ માલૂમ પડી છે.)

જુલાઈ 19 ઉત્પાદન પૈકી પૂરો પાડેલ માલ પરત આવ્યો. 20 ટન

(જે ટનદીઠ રૂ. ૯ .૯૦ લેખે પૂરો પાડવામાં આવ્યો હતો.)

જુલાઈ 22 ઉત્પાદન માટે મોકલેલ 80 ટન

જુલાઈ 25 ખરીદી 44 ટન, ટનદીઠ રૂ. 10.20 લેખે

જુલાઈ 30 ઉત્પાદન માટે મોકલેલ 66 ટન

'ફિફો' અને 'લીફો' પધ્ધતિ અનુસાર પૂરા પાડેલ માલ ની કિમત આંકવામાં આવે છે તેમ માનીને સ્ટોક પત્રક તૈયાર કરો.

**Q-6** **Attempt all questions** **(14)**

**A** પ્રેફરન્સ શેર અને ઓર્ડિનરી શેર નો તફાવત સમજાવો. **07**

**B** નાણાં સ્ત્રોતનું વર્ગીકરણ સમજાવો. કોઈ પણ એક વિશે સમજાવો. **07**

**Q-7** **Attempt all questions** **(14)**

**A** ધ હિન્દુસ્તાન ગેસ કંપની લિમિટેડે પોતાના કારખાનાનો એક ભાગ રૂ. 10,00,000 ખર્ચી ફરીથી બાંધ્યો. તોડી પાડેલ જૂના ભાગની મૂળ કિમત રૂ. 6,00,000 હતી. નવા કારખાના ની શક્તિ જૂના કારખાના કરતાં બમણી છે. જૂના માલસામાન ના વેચાણ માંથી રૂ. 40,000 ઉપજ્યા અને રૂ. 20,000 ની કિમતનો જૂનો માલસામાન નાવા બાંધકામ માં વાપર્યો હતો, જેનો ઉપર દર્શાવેલ રૂ. 10,00,000 ની કિમતમાં સમાવેશ થાય છે. હાલમાં મજૂરી અને માલસામાન ની કિમત, પેહલા કારખાનું બંધાતુ હતું તેના કરતાં 10% વધારે છે. જૂન કારખાનાના ભાગ ની પુનઃ સ્થાપન ઉપરાંત રૂ. 5,75,000 ના ખર્ચે વધુ નવો જ ઉમેરો કરતો ભાગ બાંધવામાં આવ્યો. **07**

ઉપર ની યોજના અમલ માં મૂકવાના પરિણામે કેટલી રકમ મૂડી ખર્ચ તરીકે તેમ જ કેટલી રકમ મહેસૂલી ખર્ચ તરીકે ગણાશે તે દર્શતું પત્રક તૈયાર કરો અને તેમ જ ઉપર ના વ્યવહારોને કંપની ના ચોપડમાં માં નોંધવા જરૂરી આમ નોંધો આપો.

**B** એક કંપની ના કારખાના ની તા. 31 મી માર્ચ, 2016 ના રોજ પૂરા થતાં ત્રણ માસ માટેની માલ ની આવક જાવક નીચે પ્રમાણે છે: **07**

| | | | |
|---|---|---|---|
| જાન્યુઆરી 1 | : શરૂઆત ની બાકી | 200 કિલો | રૂ. 2.00 ના ભાવે |
| જાન્યુઆરી 4 | : પૂરો પાડેલ માલ | 100 કિલો | |
| ફેબ્રુઆરી 1 | : માલની ખરીદી | 300 કિલો | રૂ. 2.50 ના ભાવે |
| ફેબ્રુઆરી 6 | : પૂરો પાડેલ માલ | 200 કિલો | |
| ફેબ્રુઆરી 28 | : પૂરો પાડેલ માલ | 100 કિલો | |
| માર્ચ 4 | : માલની ખરીદી | 200 કિલો | રૂ. 3.00 ના ભાવે |
| માર્ચ 16 | : પૂરો પાડેલ માલ | 150 કિલો | |

ઉપરની માહિતી પરથી ભારિત સરેરાશ પધ્ધતિ મુજબ સ્ટોક પત્રક તૈયાર કરો અને તા. 31 મી માર્ચ, 2016 ના રોજ સ્ટોક ની કિમત જણાવો.

**Q-8** **Attempt all questions** **(14)**

**A** ટૂંક નોંધ લખો: બ્રિજ ફાઇનાન્સ **07**

**B** પ્રેફરન્સ શેર એટલે શું? પ્રેફરન્સ શેરના પ્રકાર જણાવો. **07**